BUSINESS मित्र Plus

રોકાણના વળતરને છૂપી રીતે બગાડતી તમારી છ ટેવો

મ્યુચ્યુઅલ ફંડ અંગેની દરેક વાતચીતમાં જોખમનો વિષય શરૂઆતમાં જ આવે છે. આ ફંડમાં શું જોખમ છે? બજાર કેટલું ઘટી શકે છે? જો કોઈ વૈશ્વિક સંકટ આવે તો શું? આ તમામ મહત્વપૂર્ણ પ્રશ્નો છે અને તેના ગંભીર જવાબો મળવા જોઈએ. પરંતુ એક એવું જોખમ પણ છે જેની ચર્ચા ભાગ્યે જ થાય છે, ક્લાયન્ટ મીટિંગ્સમાં નહીં, ફંડની ફેક્ટશીટ્સમાં નહીં કે વાર્ષિક રિવ્યૂમાં પણ નહીં. તે છે રોકાણકારના પોતાના વર્તનનું જોખમ. સરખામણી કરવાની ઈચ્છા. ફંડ બદલી નાખવાની આતુરતા. અને જ્યારે રોકાણ જાળવી રાખવું સૌથી વધુ મહત્વનું હોય ત્યારે જ રોકાણ રોકી દેવાની વૃત્તિ. આ જોખમ કોઈ પણ સ્કીમના દસ્તાવેજમાં જોવા મળતું નથી. છતાં, તે બજારના કોઈપણ ઘટાડા કરતાં પણ વધુ શાંતિથી સંપત્તિનું ધોવાણ કરે છે. કોઈપણ અનુભવી મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રિબ્યુટરને પૂછો કે રોકાણકારોને આગળ વધતા શું રોકે છે, તો જવાબ ભાગ્યે જ 'બજાર' હશે. તે લગભગ હંમેશા રોકાણકારે ખોટા સમયે કરેલું અથવા કરવાનું બંધ કરેલું કોઈ કામ હોય છે. આવી ૬ ટેવો નીચે મુજબ છે:

૧. તમારા વળતરની સરખામણી બીજાના વળતર સાથે કરવી

સાથે કામ કરતા સહકર્મી સ્મોલ-કેપ ફંડમાંથી ૪૦% વળતર મળ્યાની વાત કરે છે. કોઈ સગા તેમના પોર્ટફોલિયોના નફાનો સ્ક્રીનશોટ ફોરવર્ડ કરે છે. અચાનક, ૧૨-૧૩% વળતર આપતો એક સુઆયોજિત અને વૈવિધ્યસભર પોર્ટફોલિયો અપૂર્ણ લાગવા માંડે છે. જમવાના ટેબલ પર કે વોટ્સએપ ગ્રૂપમાં રોકાણકારો જે સાંભળે છે તે ક્યારેય પૂર્ણ ચિત્ર નથી હોતું. થયેલા નુકસાન ક્યારેય ફોરવર્ડ થતા નથી. એક જ જગ્યાએ રોકાણ કરવાનું જોખમ ક્યારેય જણાવવામાં આવતું નથી. ઊંઘ વગર વિતાવેલી રાતો ક્યારેય આ વાતોનો ભાગ નથી હોતી. લીધેલા જોખમ, સમયગાળા કે રોકાણ પાછળના હેતુની સરખામણી કર્યા વિના વળતરની સરખામણી કરવી એ ટેસ્ટ મેચની ઇનિંગ્સની સરખામણી T20 મેચ સાથે કરવા જેવી છે. બંને ફોર્મેટ સંપૂર્ણપણે અલગ છે અને તેમની શરતો પણ અલગ છે. જે વળતર ખરેખર મહત્વનું છે તે માત્ર એ જ છે કે તમારો પોર્ટફોલિયો તેના નિર્ધારિત લક્ષ્ય તરફ યોગ્ય દિશામાં છે કે નહીં, નહીં કે તે બીજા કોઈ કરતાં આગળ નીકળ્યો છે કે નહીં.

૨. ગયા વર્ષના ટોચના ક્રમાંકિત ફંડ પાછળ ભાગવું

પોર્ટફોલિયો રિવ્યૂની લગભગ દરેક વાતચીતમાં આ વિષય આવે છે: "આ ફંડ ગયા વર્ષે નંબર વન પર હતું તો હું તેમાં કેમ રોકાણ નથી કરી રહ્યો? તે પછી જે થાય છે તે અનુમાનિત જ હોય છે. વર્તમાન સ્કીમમાંથી બહાર નીકળી જવું. ગયા વર્ષના ટોપર ફંડમાં પ્રવેશ કરવો. અને એ જ પ્રદર્શનનું પુનરાવર્તન થશે તેવી આશા રાખવી. પરંતુ એવું ભાગ્યે જ બને છે. ફંડના રેન્કિંગ એ રિયરવ્યૂ મિરર છે, વિન્ડશિલ્ડ નથી. બજારનું ચક્ર, ક્ષેત્રીય ફેરબદલ અને રોકાણની શૈલી કે જેણે એક વર્ષમાં શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું તે જ ક્રમમાં પુનરાવર્તિત થતી નથી. આંકડા સતત દર્શાવે છે કે કોઈપણ આપેલા વર્ષમાં ૧લા ક્રમે રહેલું ફંડ

વેલ્થ ક્રિએશન
N J ઈન્ડિયા ઈન્વેસ્ટ પ્રા. લિ.

બીજા કે ત્રીજા વર્ષે એ જ સ્થાન જાળવી શકતું નથી. ઉપરાંત, દરેક ફેરબદલનો વાસ્તવિક ખર્ચ થાય છે એક્ઝિટ લોડ, કેપિટલ ગેઇન્સ ટેક્સ, અને સૌથી મહત્વનું ચક્રવૃદ્ધિની ઘડિયાળનું રિસેટ થવું. એક દાયકામાં આવા ચાર કે પાંચ ફેરબદલ શાંતિથી કુલ ભંડોળના ૧.૫-૨% જેટલો ઘટાડો કરી શકે છે. આ કોઈ વ્યુહરચના નથી. આ તો ભૂતકાળના આંકડાઓ સામે આપેલી એક મોંઘી પ્રતિક્રિયા છે.

૩. બજાર ઘટે ત્યારે SIP રોકી દેવી

રોકાણમાં આ કદાચ સૌથી વધુ સ્વયં-નુકસાનકારક ટેવ છે. અને સૌથી સામાન્ય પણ. SIP એવી રીતે ડિઝાઇન કરવામાં આવી છે કે તે બજારના ઉતાર-ચઢાવમાં કામ કરે. ઘટેલી NAV નો અર્થ એ છે કે ઓછી કિંમતે વધુ યુનિટ્સ ખરીદાય છે, જે લાંબા ગાળે સંપત્તિનું સર્જન કરે છે. બજારના ઘટાડા દરમિયાન SIP બંધ કરવી એ એવું છે કે જે દિવસે ગ્રાહકો દુકાને ખરીદી કરવા

આવે તે જ દિવસે દુકાન બંધ કરી દેવી. ઉદ્યોગના આંકડા દર્શાવે છે કે મોટા પ્રમાણમાં SIP પ્રથમ ત્રણ વર્ષમાં જ બંધ કરી દેવામાં આવે છે, અને તે પણ અવારનવાર બજારના મંદીના તબક્કા દરમિયાન જ્યારે રોકાણ ચાલુ રાખવાથી લાંબા ગાળે

કોઈપણ અનુભવી મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રિબ્યુટરને પૂછો કે રોકાણકારોને આગળ વધતા શું રોકે છે, તો જવાબ ભાગ્યે જ 'બજાર' હશે. તે લગભગ હંમેશા રોકાણકારે ખોટા સમયે કરેલું કોઈ કામ હશે જે તે પોતાની આદતવશ કરી બેસે છે

સૌથી મોટો ફાયદો થયો હોત. જે રોકાણકારો ૨૦૦૮, ૨૦૨૦ અને ૨૦૨૨ ના સમયગાળામાં ટકી રહ્યા, તેમણે એવું એટલા માટે નહોતું કર્યું કે બજાર સુરક્ષિત લાગતું હતું. તેઓ એ વાત સમજી ગયા હતા જે મોટાભાગના લોકો ચૂકી ગયા હતા: અસ્વસ્થતા એ જ ચક્રવૃદ્ધિ વળતર મેળવવાની કિંમત છે.

૪. હેતુ જાણ્યા વિના રોકાણ કરવું

આશ્ચર્યજનક રીતે ઘણા રોકાણકારો SIP એટલા માટે શરૂ કરે છે કારણ કે કોઈએ તેમને સૂચન કર્યું હતું અથવા કોઈ એપ દ્વારા તે સરળ બન્યું હતું. રકમ રાઉન્ડ ફિગરમાં હોય છે - ૫,૦૦૦. ફંડ એ જ હોય છે જે પહેલાં દેખાયું. કારણ? અસ્પષ્ટ. સ્પષ્ટ હેતુ વિના જેમ કે બાળકનું ઉચ્ચ શિક્ષણ, ઘર ખરીદવું, નિવૃત્તિ, યોગ્ય ફંડ કેટેગરી, સમયગાળો કે યોગ્ય રકમ પસંદ કરવા માટે કોઈ ચોક્કસ માળખું હોતું નથી. અને જ્યારે બજાર ઘટે છે, ત્યારે પકડી રાખવા માટે કોઈ આધાર હોતો નથી. વર્ષ ૨૦૩૫ માં બાળકના કોલેજ શિક્ષણ માટે બચત કરનાર રોકાણકાર ૨૦૨૬ માં બજારના ૧૫% ના ઘટાડાથી ડર્યા વગર સહન કરી શકે છે, કારણ કે ધ્યેય સ્પષ્ટ છે અને સમય પૂરતો છે. આ સ્પષ્ટતા વિના, દરેક ઘટાડો એક કટોકટી જેવો લાગે છે. દરેક સમાચાર બહાર નીકળવાનું એક કારણ બની જાય છે.

૫. દરરોજ પોર્ટફોલિયો ચકાસવો

ટેકનોલોજીએ પોર્ટફોલિયો ટ્રેકિંગને ખૂબ જ સરળ બનાવી દીધું છે. પરંતુ સરળ પહોંચ અને ઉપયોગી પહોંચ એ બંને એક સમાન વસ્તુ નથી. જે રોકાણકાર દરરોજ પોર્ટફોલિયો તપાસે છે તે માહિતગાર નથી રહેતો પરંતુ તે પોતાની જાતને માત્ર અફવાઓ અને ઘોંઘાટ સામે ખુલ્લી મૂકે છે. મંગળવારે ૧% નો ઘટાડો. બુધવારે ૦.૫% નો સુધારો. આમાંથી કોઈ પણ બાબતની પાંચ કે દસ વર્ષ પછી પોર્ટફોલિયો ક્યાં હશે તેના પર કોઈ અસર પડતી નથી. છતાં, દરેક આંકડો એક ભાવનાત્મક પ્રતિક્રિયા ઉત્પન્ન કરે છે, અને આવી ઘણી બધી ભાવનાત્મક પ્રતિક્રિયાઓ આખરે એક ખોટા નિર્ણય તરફ દોરી જાય છે. બિહેવિયરલ ફાઇનાન્સના સંશોધનોએ આ વારંવાર દર્શાવ્યું છે: રોકાણકારો જેટલી વારંવાર પોર્ટફોલિયો જુએ છે, તેટલી જ ઉતાવળિયા નિર્ણયો લેવાની શક્યતા વધી જાય છે. શ્રેષ્ઠ પોર્ટફોલિયો ઘણીવાર એ હોય છે જેની વર્ષમાં એકવાર સમીક્ષા કરવામાં આવે છે કલાકે એકવાર નહીં. દરેક બોલ પછી સ્કોરબોર્ડ જોવાથી ટેસ્ટ મેચ જીતી શકાતી નથી.

૬. શરૂ કરવા માટે 'યોગ્ય સમય' ની રાહ જોવી

બજાર ઊંચાઈ પર છે ઘટાડાની રાહ જુઓ. બજાર ઘટી રહ્યું છે, સ્થિરતાની રાહ જુઓ. અર્થતંત્ર અસ્થિર છે, સ્પષ્ટતાની રાહ જુઓ. રાહ જોવાનું હંમેશાં કોઈને કોઈ કારણ હોય છે. પણ 'યોગ્ય સમય' ક્યારેય આવતો નથી. BSE સેન્સેક્સના ૨૫ વર્ષના ઐતિહાસિક આંકડા દર્શાવે છે કે જે રોકાણકારોએ બજારના સર્વોચ્ચ સ્તરે પણ રોકાણ શરૂ કર્યું હતું અને સાત કે તેથી વધુ વર્ષો સુધી રોકાણ જાળવી રાખ્યું હતું, તેમણે લગભગ દરેક કિસ્સામાં સકારાત્મક વળતર મેળવ્યું છે. રાહ જોવાની કિંમત હંમેશા ખોટા સમયે રોકાણ કરવાના જોખમ કરતા વધુ રહી છે. એક શાંત સત્ય આમાંથી એક પણ ટેવ તે ક્ષણે ખતરનાક લાગતી નથી. વળતરની સરખામણી કરવી સ્વાભાવિક લાગે છે. ટોપ-રેન્ક્ડ ફંડમાં શિફ્ટ થવું સમજદારીભર્યું લાગે છે. બજારના ઘટાડા વખતે SIP રોકવી એ સાવચેતીભર્યું પગલું લાગે છે. પરંતુ ૧૦ કે ૧૫ વર્ષના ગાળામાં, આ છ ટેવો અધીરા લોકો પાસેથી અનુશાસિત લોકો તરફ સંપત્તિ ટ્રાન્સફર કરે છે. સૌથી મોટું ભંડોળ બનાવનારા રોકાણકારો એ નથી હોતા જેમને સૌથી શ્રેષ્ઠ ફંડ મળી ગયું હોય. તેઓ એવા લોકો હોય છે જેઓ યોગ્ય પોર્ટફોલિયો સાથે ટકી રહ્યા, મુશ્કેલ સમયમાં પણ પોતાની SIP ચાલુ રાખી, અને બીજાના વળતરને પોતાની મુસાફરી નક્કી કરવા દીધી નહીં.

ભારતીય શેરબજારોમાં ફરીથી વિદેશી રોકાણનો ધોધ વહેતો જોવા મળી શકે

વિદેશી રોકાણકારોની ભારતના બજારોમાં વાપસી થવાની શરૂઆત થઈ રહી હોવાના સંકેતો મળી રહ્યા છે, હાલમાં કેટલાક પસંદગીના શેરોમાં જ ખરીદી જોવા મળી રહી છે, ત્યારે આવનારા સમયમાં ચોતરફી લેવાલી જવા મળી શકે છે અને ભારતીય શેરબજારમાં તેજીનો સંચાર થતો જોવા મળી શકે છે. ખાસ કરીને વૈશ્વિક બજારોમાં અફરાતફરીનો માહોલ છે અને વૈશ્વિક રોકાણકારો અન્ય એશિયન બજારોમાંથી એકઝીટ કરી રહ્યા છે, તેથી ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારો પ્રવેશ કરશે.

અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ શાંતિદૂત બનવાનો દાવો કરી રહ્યા છે, પણ ઈરાનને ખતમ કરી દેવા માટે મિસાઈલો સજ્જ કરી દીધી છે અને પેન્ટાગોનને ઈરાનમાં ખતરનાક હુમલા કરવાનો આદેશ આપી દેવામાં આવ્યો છે. જેનાથી આવનારો સમય

માર્કેટ વોચ

વધુ ખતરનાક બની રહેવાની દહેશત સેવાઈ રહી છે, જેથી વેસ્ટ એશિયામાં ફરી મહાયુદ્ધ સર્જાવાનું જોખમ વધ્યું છે. અમેરિકા અત્યારે પોતાનું મહાસત્તા તરીકેનું ગુમાવેલું બિરૂદ પાછું મેળવવા માટે હવાતિયા મારી રહ્યું છે. રશિયા, ચીનને કોન્ટ્રોલમાં લેવા અને ઈરાન થકી પોતાનું વર્ચસ્વ પુનઃસ્થાપિત કરવાના ટ્રમ્પના ખતરનાક યુદ્ધ ખેલથી વિશ્વ અત્યારે ત્રસ્ત છે. મહા મોંઘવારી વિશ્વ પર ભરડો લઈ ચુકી છે. યુરોપના દેશો પણ ઈરાન યુદ્ધના કારણે ખોરવાયેલી સપ્લાય ચેઈનના કારણે પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા છે.

પશ્ચિમી દેશો ખાસ અમેરિકા અને યુરોપના દેશોમાં અર્થતંત્રો ડામાડોળ બનવાના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. જોકે, આ પશ્ચિમી દેશોના સંકટ વચ્ચે વિદેશી રોકાણકારો ભારત તરફ આકર્ષાવા લાગ્યા છે.

નાણાંમંત્રી નિર્મલા સીતારામનના વિદેશી રોકાણકારોને આકર્ષવા તાજેતરના ભૂતકાળમાં પગલાં સાર્થક નીવડી રહ્યા છે. આ ઉપરાંત, એશિયન બજારો કોરિયન અને જાપાન સહિતના બજારોમાં ચિપ તથા ટેકનોલોજી શેરોમાં ભારે વેચવાલી રહી હતી અને વિદેશી રોકાણકારોની ભારે વેચવાલી રહી હતી, અને બજાર પણ તૂટયું હતું, આમ જોઈએ તો વિદેશી રોકાણકારો નફો વસુલ કરતા જોવા મળ્યા હતા અને ફરીથી રોકડ હાથમાં આવી છે અને આ નાણાને ભારતીય બજારોમાં ટ્રાન્સફર થઈ શકે છે. જેથી ભારતીય શેરબજારમાં પસંદગીના શેરોમાં ખરીદીની શરૂઆત થતી જોવા મળી રહી છે. જે આગળ જતાં શેરબજારમાં મોટાપાયે ખરીદી થવાની ફરીથી શરૂ થઈ શકે છે. જોકે, ઈરાન-અમેરિકાના તણાવ વધુ ગંભીર થતો જોવા મળી શકે છે અને તેના કારણે ક્રુડ ઓઈલના ભાવો ઉછળી રહ્યા છે. વૈશ્વિક ભાવોમાં તેજી-મંદીની ઉથલપાથલ છતાં રશિયા પાસેથી ભારતની ખરીદી અ ચીન સાથે સંબંધો સુધારીને ભારત ચાણક્ય નીતિએ આગળ વધીને પોતાના ઉદ્યોગો અને અર્થતંત્રને સુરક્ષિત કરવામાં સફળ નીવડી રહ્યું છે. મોદી સરકારની નીતિને કારણે શક્ય છે કે આગામી દિવોસમાં ભારતમાં વિદેશી રોકાણનો ધોધ વહેતો જોવાયો. સેકેન્ડરી બજારમાં સાથે પ્રાયમરી બજારમાં પણ આઈપીઓની લાઈન શરૂ થઈ ચુકી છે. પ્રાયમરી માર્કેટમાં આઈપીઓની વણઝાર અને રોકાણકારોને ફરી મળી રહેલા સારા વળતરને જોતાં હવે મેગા આઈપીઓની તૈયારીએ તેજી વધુ બળવતર બનવાની પુરી શક્યતા છે.

સેકેન્ડરી બજારમાં ડોમેસ્ટીક સંસ્થાઓનો પ્રવાહ અવિરત ચાલુ છે, તે બજારને ટેકો આપે છે. દેશમાં ચોમાસુ અલનીનોની અસરમાંથી સંપુર્ણ મુક્ત બનીને સારી પ્રગતિ બતાવી રહ્યું છે. દેશમાં દુષ્કાળનો ભય ટળ્યો છે, વરસાદની હાલ તુરત કેટલાક રાજ્યોમાં ખાધ સામે કેટલાક રાજ્યોમાં અતિવૃષ્ટિની સ્થિતિ છતાં એકદંર વરસાદની સ્થિતિ સંતોષજનક રહી હોવાથી આ પરિબળ પણ આગામી દિવસોમાં બજારના સેન્ટિમેન્ટને વધુ તેજીમય બનાવવા માટે પુરક બની રહેશે. જેથી અમેરિકા, યુરોપના બજારોથી વિપરીત ભારતના બજારોમાં સેન્ટિમેન્ટ તેજીનું બનવાની શક્યતા છે. અલબત્ત, ઈરાન મામલે અમેરિકા તેન અંતિમ ખતરનાક ખેલ ખેલીને જો વિશ્વની સપ્લાય ચેઈનને ફરી ખોરવી નાખવાનું ખતરનાક પગલુ ભરશે તો અને આ યુદ્ધ સંપુર્ણ ગલ્ફ, પશ્ચિમી દેશોમાં ફેલાશે તો એટલા પુરતુ જોખમ રહેશે. અન્યથા ભારતીય બજારોમાં વહેતો થયેલો વિદેશી રોકાણ પ્રવાહ તેજીને આગળ ધાપવશે એવી શક્યતા છે.

અમેરિકા સહિત વૈશ્વિક બજારોમાં કથળતી પરિસ્થિતિથી ભારતીય બજાર હજુય વધુ અથડાતું જોવા મળશે

AI એ માત્ર એક ટેક્નોલોજી નથી, પણ રોકાણ, ઈન્ફ્રા માટેની એક વિશાળ તક

અમેરિકા સહિતના વિશ્વના અનેક દેશોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સેક્ટરમાં જબરજસ્ત રોકાણ થઈ રહ્યું છે, જેમાં ભારત આ સેક્ટરમાં પ્રવેશવામાં વિલંબ થયો છે, પણ પાછળથી ભારત પણ રફતાર પકડી રહ્યું છે અને આગામી વર્ષોમાં ભારત આ સેક્ટરમાં મોટાપાયે રોકાણ કરશે. ભારતીય કંપનીઓ આવનારા સમયમાં એઆઈ સેક્ટરમાં 200 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે, જેનાથી કંપનીઓને લાભ થશે ઉપરાંત રોકાણકારો માટે સંપત્તિ નિર્માણની નવી તકો ખુલશે.

એઆઈ આગામી વર્ષોમાં ભારતીય મુડીબજારને ફાયદો કરી શકે છે. ડેટા સેન્ટર, એનર્જી અને સેમિકન્ડક્ટર સેક્ટરમાં રોકાણ વધશે, જેનાથી કંપનીઓની માર્કેટ કેપ વધશે અને રોકાણકારો માટે સંપત્તિ નિર્માણની નવી તકો ખુલશે.

એઆઈ ક્રાંતિ આગામી વર્ષોમાં વૈશ્વિક અર્થતંત્ર પર મોટી અસર

પરિવર્તનનું મુખ્ય કેન્દ્ર બની શકે છે. સુનીલ સંગાઈ, નોવા વન કેપિટલ પ્રા. લિ. એઆઈના સ્થાપક અને સીઈઓના જણાવ્યા અનુસાર, જેમ જેમ એઆઈનો ઉપયોગ વધે છે, તેમ

આગામી વર્ષોમાં ભારતમાં એઆઈ સેક્ટરમાં 200 લાખ કરોડ રૂપિયાનું રોકાણ થશે, એઆઈ અપનાવતી કંપનીઓની માર્કેટ કેપ વધવાના કારણે માત્ર સ્થાનિક રોકાણકારો જ નહીં પરંતુ વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોનો પણ રસ વધશે

કરશે અને ભારતીય મુડીબજારને તેનો સૌથી વધુ લાભ મળી શકે છે. નિષ્ણાતો સંમત થાય છે કે એઆઈ એ માત્ર એક ટેક્નોલોજી નથી, પરંતુ રોકાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉદ્યોગ માટે એક વિશાળ તક છે. એવો અંદાજ છે કે એઆઈ સાથે સંબંધિત ક્ષેત્રોમાં લગભગ 200 લાખ કરોડ રૂપિયાની આર્થિક પ્રવૃત્તિ અને રોકાણની તકો ઊભી થઈ શકે છે. મજબૂત ડિજિટલ સિસ્ટમ, ઝડપથી વિકસતી ઈન્ટરનેટની પહોંચ અને ડેટા ક્ષમતા સાથે, ભારત આ તેમ તેને લગતા ક્ષેત્રોના શેરમાં સારો વધારો જોવા મળી શકે છે.

એઆઈ તકનીકને ચલાવવા માટે મોટા પાયે ડેટા પ્રોસેસિંગ અને સ્ટોરેજની જરૂર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ જ કારણ છે કે દેશમાં ડેટા સેન્ટર નેટવર્ક ઝડપથી વિસ્તરી રહ્યું છે. મોટા શહેરોની સાથે સાથે ટીયર-2 શહેરોમાં પણ નવા પ્રોજેક્ટ્સ આવી રહ્યા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓ અને રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટને આ વિસ્તરણનો સીધો ફાયદો થઈ રહ્યો છે. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે આગામી વર્ષોમાં, ડેટા સેન્ટરને વધારવા માટે એક મોટું રોકાણ થશે, જે સંબંધિત કંપનીઓની કમાણી અને નફામાં ઝડપથી વધારો કરી શકે છે.

એઆઈ સિસ્ટમો અને સર્વરો ઘણી શક્તિનો વપરાશ કરે છે. ડેટા સેન્ટરોને ચલાવવા અને તેમને ઠંડુ રાખવા માટે સતત વીજળીની જરૂર હોય છે. તેનાથી પાવર અને ગ્રીન

કરન્ટ-ટોપિક

એનર્જી સેક્ટરમાં નવી માંગ ઊભી થઈ છે. તે જ સમયે, ભારતમાં ચિપ ઉત્પાદનના પ્રયાસો સેમિકન્ડક્ટર ઉદ્યોગને વેગ આપી રહ્યા છે. એઆઈ હાર્ડવેર, ચિપ ડિઝાઈન અથવા સપ્લાય ચેઈન સાથે સંકળાયેલી કંપનીઓ રોકાણકારોની નજરમાં છે.

એઆઈ ઈકોસિસ્ટમ સાથે સંકળાયેલી કંપનીઓ આગામી વર્ષોમાં ઝડપી વૃદ્ધિ નોંધાવી શકે છે. નિષ્ણાતો માને છે કે સમયસર એઆઈ અપનાવતી કંપનીઓની માર્કેટ કેપ વધારવી શક્ય છે. આનાથી માત્ર સ્થાનિક રોકાણકારો જ નહીં પરંતુ વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોનો પણ રસ વધશે.

નિકાસને પ્રોત્સાહનને પરિણામે 2025-26માં ટેક્સટાઈલ અને એપેરલની નિકાસ 3,25,339 કરોડ થઈ

ભારતની કાપડ (ટેક્સટાઈલ) અને વસ્ત્રો (એપેરલ)ની નિકાસ (જેમાં હસ્તકલાનો સમાવેશ થાય છે) 2023-24માં ₹2,97,004 કરોડથી વધીને 2025-26માં ₹3,25,339 કરોડ થઈ છે, જે આ સમયગાળા દરમિયાન 4.7% ની CAGR વૃદ્ધિ નોંધાવે છે.

2024-25 ની સરખામણીમાં 2025-26 માં ભારતની ટેક્સટાઇલ અને એપેરલની નિકાસ, જેમાં હસ્તકલાનો સમાવેશ થાય છે,એમાં 100થી વધુ દેશોમાં વૃદ્ધિ નોંધાવી છે.સરકાર નિયમિતપણે ભારતના કાપડ અને વસ્ત્રોના નિકાસ પર નજર રાખે છે અને કોઈપણ પડકારોની અસર ઘટાડવા માટે નિકાસકારો અને ઉદ્યોગ સહિત

બિઝનેસ વ્યૂ

તમામ હિસ્સેદારો સાથે કામ કરવાનું ચાલુ રાખે છે અને કાપડ ક્ષેત્રમાં ઉત્પાદન અને નિકાસની સ્પર્ધાત્મકતા વધારવા માટે વિવિધ પગલાં લેવામા આવ્યાં છે.

સરકાર ભારતીય કાપડ અને વસ્ત્ર (એપેરલ) ક્ષેત્રને વેગ આપવા અને તેની સ્પર્ધાત્મકતા વધારવા માટે વિવિધ યોજનાઓ અને પહેલો અમલમાં મૂકી રહી છે, અને આ પગલાં દેશમાંથી નિકાસના વિકાસમાં ફાળો આપી રહ્યા છે.

મુખ્ય યોજનાઓ/પહેલોમાં પીએમ મેગા ઇન્ટિગ્રેટેડ ટેક્સટાઇલ રિજિયન્સ એન્ડ એપેરલ (પીએમ મિત્ર) પાર્ક્સ સ્કીમ; પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) સ્કીમ; નેશનલ ટેકનિકલ ટેક્સટાઇલ મિશન; SAMARTH - ટેક્સટાઇલ સેક્ટરમાં ક્ષમતા નિર્માણ માટેની યોજના; સિલ્ક સમાગ્રા-2; નેશનલ હેન્ડલૂમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ; નેશનલ હેન્ડિક્રાફ્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ; કોમ્પ્રીહેન્સિવ હેન્ડિક્રાફ્ટ્સ ક્લસ્ટર ડેવલપમેન્ટ સ્કીમ; રિબેટ ઓફ સ્ટેટ એન્ડ સેન્ટ્રલ ટેક્સેસ એન્ડ લેવીઝ (RoSCTL) સ્કીમ; રિમિશન ઓફ ડ્યુટીઝ એન્ડ ટેક્સેસ ઓન એક્સપોર્ટેડ પ્રોડક્ટ્સ (RoDTEP) સ્કીમ; એક્સપોર્ટ પ્રમોશન મિશન (EPM), જેમાં નિર્યાત પ્રોત્સાહન અને નિર્યાત દિશાનો સમાવેશ થાય છે; અને ક્રેડિટ ગેરંટી સ્કીમ ફોર એક્સપોર્ટર્સ (CGSE)નો સમાવેશ થાય છે. સરકારે 40 પ્રાથમિકતા ધરાવતા દેશોને આવરી લેતી નિકાસ-પ્રોત્સાહન અને બજાર-વૈવિધ્યીકરણ વ્યૂહરચના પણ અપનાવી છે. ભારત-યુનાઇટેડ કિંગડમ વ્યાપક આર્થિક અને વેપાર કરાર (CETA) સહિત અમલમાં રહેલા સોળ મુક્ત વેપાર કરાર (FTA); અને યુરોપિયન યુનિયન (EU) અને ન્યુઝીલેન્ડ સાથેના નિષ્કર્ષિત FTA ભારતીય કાપડ અને વસ્ત્ર ક્ષેત્રને તેમની નિકાસ વધારવા અને બજાર વૈવિધ્યકરણ હાથ ધરવાની તક પૂરી પાડે છે. ભારત સરકારે 19 માર્ચ 2026 ના રોજ નિકાસ પ્રમોશન મિશન (EPM) હેઠળ RELIEF (રેઝિલિયન્સ એન્ડ લોજિસ્ટિક્સ ઇન્ટરવેન્શન ફોર એક્સપોર્ટ ફેસિલિટેશન) શરૂ કર્યું હતું જેથી પશ્ચિમ એશિયા/મધ્ય પૂર્વ સંઘર્ષ અને ગલ્ફ ક્ષેત્રમાં દરિયાઈ પડકારોથી ઉદ્ભવતા વિક્ષોપોથી પ્રભાવિત નિકાસકારોને ટેકો મળી શકે.

કેન્દ્ર સરકારે 40 પ્રાથમિકતા ધરાવતા દેશોને આવરી લેતી નિકાસ-પ્રોત્સાહન અને બજાર-વૈવિધ્યીકરણ વ્યૂહરચના પણ અપનાવી, ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો લાભ ટેક્સટાઈલ સેક્ટરને થયો

ભારતની ટેક્ષટાઇલ અને એપેરલની નિકાસમાં આ 10 દેશોનો મુખ્ય ફાળો

દેશ	૨૦૨૩-૨૪	૨૦૨૪-૨૫	૨૦૨૫-૨૬
યુનાઇટેડ સ્ટેટ્સ	૮૩૧૭૯	૯૨૫૭૧	૮૫૯૧૦
બાંગ્લાદેશ	૨૩૩૪૦	૨૭૮૪૫	૨૪૪૪૫
યુએઈ	૧૬૭૨૦	૧૮૨૫૨	૨૦૭૭૫
યુકે	૧૬૬૭૯	૧૮૨૮૭	૧૯૬૫૨
જર્મની	૧૦૯૩૭	૧૨૦૩૫	૧૩૨૦૦
નેધરલેન્ડ	૭૯૯૦	૧૦૧૯૦	૧૦૪૬૧
સ્પેન	૭૨૯૨	૮૩૭૩	૯૬૫૧
ફ્રાન્સ	૮૦૭૯	૮૨૯૪	૯૦૭૪
ઇટાલી	૬૪૭૧	૬૬૮૪	૭૪૦૭
શ્રીલંકા	૫૭૬૨	૬૯૧૯	૬૯૯૭
બાકીની દુનિયા	૧૧૦૫૫૫	૧૧૦૧૨૪	૧૧૭૭૬૬
કુલ	**૨૯૭૦૦૪**	**૩૧૯૫૭૩**	**૩૨૫૩૩૯**

રાષ્ટ્રીય ટેકનિકલ કાપડ મિશન : ટેકનિકલ ટેક્સટાઇલમાં આયાત સામે ભારતની નિકાસ વધી

કાપડ મંત્રાલયે દેશમાં ટેકનિકલ ટેક્સટાઇલ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે વર્ષ 2020 માં રાષ્ટ્રીય ટેકનિકલ ટેક્સટાઇલ મિશન (NTTM) શરૂ કર્યું. NTTM ના ઘટક-II (પ્રમોશન અને માર્કેટ ડેવલપમેન્ટ) હેઠળ, કાપડ મંત્રાલય દ્વારા કુલ 47 રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય પરિષદોનું આયોજન/ભાગ લેવામાં આવ્યો છે.નાણાકીય વર્ષ 25-26 માં સ્થાનિક ટેકનિકલ ટેક્સટાઇલ ઉદ્યોગે રૂ. 3,420.20 કરોડનો ચોખ્ખો વેપાર સરપ્લસ નોંધાવ્યો છે. તેની વિગતો નીચે મુજબ છે. રાષ્ટ્રીય ટેકનિકલ ટેક્સટાઇલ મિશન મૂલ્યવર્ધિત ટેકનિકલ ટેક્સટાઇલ ઉત્પાદનોના સ્વદેશી વિકાસ અને વ્યાપારીકરણને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં કૃષિ-ટેક્સટાઇલ, જીઓ-ટેક્સટાઇલ, મેડિકલ ટેક્સટાઇલ, ઔદ્યોગિક ટેક્સટાઇલ, રક્ષણાત્મક ટેક્સટાઇલ અને સ્પોર્ટેક જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. મિશન વર્કશોપ, પરિષદો, પ્રદર્શનો અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમો દ્વારા હિતધારકો, વપરાશકર્તા મંત્રાલયો/વિભાગો અને સામાન્ય લોકોમાં ટેકનિકલ ટેક્સટાઇલના ઉપયોગો અને ફાયદાઓ અંગે જાગૃતિ લાવવાનું પણ કાર્ય કરે છે. વધુમાં, સ્થાનિક માંગ ઊભી કરવા માટે, જ્યાં શક્ય હોય ત્યાં, વિવિધ અંતિમ-વપરાશકર્તા મંત્રાલયો/વિભાગો/રાજ્ય સરકારો દ્વારા ચોક્કસ એપ્લિકેશનોમાં ટેકનિકલ ટેક્સટાઇલ વસ્તુઓનો ઉપયોગ ફરજિયાત અપનાવવાની ભલામણ પણ કરવામાં આવી છે. ટેક્સટાઇલ માટે ઉત્પાદન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજના, જે ટેકનિકલ ટેક્સટાઇલને તેના ફોકસ સેગમેન્ટ્સમાંના એક તરીકે આવરી લે છે, તે ટેક્સટાઇલ ક્ષેત્રને વૈ